**CC NO.**190128_2025

GJVD022055242025

<u>**૨૩ માં એડી. સીની. સિવીલ જજ અને એડી.ચીફ જયુડી. મેજી.,સાહેબની કોર્ટમાં, મુ.વડોદરા.**</u>

ફરીયાદી– શ્રી સરકાર

વિરુદ્ધ

<u>**આરોપી**</u>**:– હર્ષ ગીરીશભાઈ પઢીયાર, રહે.વડોદરા.**

<u>**તહોમત:– બી.એન.એસ.કલમ:૨૨૩ તથા જી.પી.એકટ કલમ:૧૩૧ મુજબ.**</u>

<u>**–ચુકાદો–**</u>

**૧.** ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૧૭.૧૦.૨૦૨૫ ના કલાક:૧૯.૪૫ વાગે મોજે ઉમાકાંત હોલની સામે, માંજલપુર વડસર ખાતે રોડ પર ફટાકડા આશરે કિં.રૂા.૮,૫૦૦/– ના મુદામાલ ફાયર સેફટીના સાધનો નહી રાખી લાયસન્સ કે પાસ પરમીટ વગર જાહેરમાં વેચા કરતા મળી આવી પકડાઈ જઈ ગુનો કરી, બી.એન.એસ. કલમ:૨૨૩ તથા જી.પી.એકટ કલમ:૧૩૧ અન્વયેનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવા અંગેનું ચાર્જશીટ, બી.એન.એસ.કલમ:૧૭૩ અન્વયે દાખલ કરેલ છે.

**૨.** સદર કામે આરોપીને સમન્સની બજવણી થતાં, આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે અને આરોપીએ હાજર થઈ તેઓને ગુનાનો અહેસાસ હોઈ આરોપીનું નિવેદન લેતાં, આરોપીએ તેઓના વિરુદ્ધના ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરેલ છે તેમજ કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે તેમજ આ તેઓનો પ્રથમ ગુનો છે અને આ ગુન્હો તેમનાથી કોઈપણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને તેઓને સજા કરવામાં આવે તો, તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવશે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરે તેવી બાંહેધરી આપે છે અને સુધરવાની તક આપવા સાથે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

**૩.** આજરોજ નેશનલ લોકઅદાલત છે, જેમાં ખાસ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. સદર કામે આરોપી વિરુદ્ધ ગુન્હાનો આક્ષેપ અને આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ વંચાણે લેતાં તથા આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુનાની હકીકત ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ રેકર્ડ વંચાણે લેતાં તથા બી.એન.એસ. કલમ:૨૨૩ તથા જી.પી.એકટ કલમ:૧૩૧ માં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાને લેતાં, આરોપીનું એ સ્પષ્ટ કથન છે કે, તેઓનો કોઈ ઈરાદો ગુનો કરવાનો હતો નહીં અને આ ગુન્હો તેમનાથી કોઈપણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને ગુનાનો પસ્તાવો જણાય આવે છે. આમ, આ સંજોગોમાં આરોપીની રજુઆત ધ્યાને લેતાં, હું આરોપીને ઓછામાં ઓછી સજા કરવાનું ઉચિત માનું છું અને આરોપીને ઉપરોકત ગુન્હામાં તકસીરવાન ઠરાવું છું અને નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

<u>**– આખરી હુકમ –**</u>

<u>**અ.**</u> આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ૨૨૯ અન્વયે **બી.એન.એસ. કલમ:૨૨૩ તથા જી.પી.એકટ કલમ:૧૩૧**ના ગુનામાં, કબુલાત આધારે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે અને જો દંડ ના ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા:૧૩.૧૨.૨૦૨૫ નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૧૩.૧૨.૨૦૨૫

વડોદરા.

**(એ.જી.ડોડીયા)**

**જજ કોડ નં.જીજે.૦૧૨૯૩**

૨૩ માં એડી.સિનિયર સિવિલ જજ અને

એડી.ચીફ જયુડી.મેજી., વડોદરા.

પાવતી નં.

દંડ રૂા.

તારીખ: ૧૩.૧૨.૨૦૨૫

નાઝર ચીફ કોર્ટ, વડોદરા.

(લોપામુદ્રા શર્મા)/સ્ટેનોગ્રાફર.